# 'Mother Teresa Of Gujarat'




આરતી રામાણી 'એન્જલ'

આ લેખના પ્રથમ ભાગમાં આપણે પછાત બાળકોને નિઃશુલ્ક ભણતર કેવી રીતે મળી શકે તે વિષે માહિતી મેળવી હતી તથા ગુજરાત રાજ્યનાં એક સ્વયંસેવિકા પ્રીતિબહેન જે બાળકોને મફત શિક્ષણ પ્રદાન કરે છે તે વિષે માહિતી મેળવી હતી. આ બીજા તથા આખરી ભાગમાં આપણે એમણે વિકસાવી પડેલી ચાર શાખાની શિક્ષિકા બહેનોને પગાર આપવા શો નિર્ણય લીધો તથા એમની આગળની સફર કેવી રહી તે વિશે માહિતી મેળવીશું.

પ્રીતિબહેને શિક્ષિકા બહેનોને પગાર ચૂકવવા માટે બાળકો પાસેથી માત્ર રૂપિયા ૨૦૦ ફી ઉઘરાવવાનું શરૂ કર્યું. અહીં બાળકોને ભણાવવાની સાથે સંસ્કૃતિ અને સંસ્કાર પણ અપાય છે જેથી બાળક બધી રીતે કુશળ બને. આમાંથી ઘણા બાળકોને ખાનગી શાળામાં પણ એમણે ભણવા મૂક્યાં, ક્યારેક પોતાના ખર્ચે તો ક્યારેક દાતાઓની મદદથી જેમાં શાળા તરફથી પણ રાહત ફી કરી દેવામાં આવી હતી. આવી જ એક શાળાના આચાર્ય હરેશભાઈ ખાચરિયા જે શ્રીજી અંગ્રેજી માધ્યમની શાળા ચલાવે છે એમણે પ્રીતિબહેનના બે બાળકો જેમાંથી બે સગા ભાઈઓ કરણ અને જયેશ સોલંકીને રાહત ફી દરે ભણાવવા માટે સ્વીકાર્યાં તો આ જ ભાઈઓની બહેનોને પ્રીતિબહેને ગુજરાતી માધ્યમની શાળામાં ભણવા માટે બેસાડી. આવું તો ઘણું એમણે કર્યું છે. અંજના નામની એક દીકરી પ્રીતિબહેન પાસે ભણી બાદ કોલેજ પૂરી કરી અને નોકરી કરવા લાગી. અત્યારે એ પોતાનાં માતાપિતાને ઘરનું ગુજરાન ચલાવવામાં આર્થિક રીતે મદદ કરી રહી છે.

પ્રીતિબહેન કહે છે, એમનો હેતુ એ જ છે કે બાળકો ભણે. કોઈપણ ભાષામાં, કંઈપણ રીતે. એ દરેક તહેવાર આ બાળકો પાસે સાથે મળીને ઉજવણી કરાવડાવે છે જેથી એમનામાં સર્વ ધર્મ સમભાવની ભાવના જાગે ઉપરાંત એ બાળકોને અવારનવાર થતી સ્પર્ધાઓમાં પણ ભાગ લેવડાવે છે તો બહાર જમવા માટે પણ લઈ જાય છે, ક્યારેક પોતાના ખર્ચે તો ક્યારેક દાતાઓની મદદથી તો ક્યારેક કોઈ જગ્યાએ બહાર પણ લઈ જાય છે જેથી એ પ્રકૃતિ સાથે પણ જોડાયેલાં રહે જે ઘણીવાર પોતાનું ખિસ્સું ખમી શકે તે રીતે હોય છે તો ઘણીવાર દાતાઓની સહાય પણ લે છે. એમનાં વિશે જેમ બધાને જાણ થતી ગઈ, બધાં એમને મળવા આવવા લાગ્યાં તથા અખબારોમાં એમના લેખ પણ છપાવવા લાગ્યા તો ઈન્ટરવ્યૂ પણ થવા લાગ્યા. એમને ઘણી શાળા મુખ્ય મહેમાન તરીકે કાર્યક્રમમાં બોલાવે છે અને સન્માનિત પણ કરે છે. એમણે અત્યાર સુધી આશરે ૧૮ જેટલા એવોર્ડ પણ મળેલા છે.

એ કહે છે કે એમનાં મમ્મીપપ્પા અને ભાઈ એમની પ્રેરણા છે તો જીવનસાથી ઢાલ છે, મદદગાર છે સાથે બાળકો પણ એમને પૂરી મદદ કરે છે. મારવાડી સંપ્રદાયમાંથી કલકત્તાથી આવેલા પ્રીતિબહેન ખૂબ સારું કાર્ય કરી રહ્યાં હોવાથી એમને એમના સંપ્રદાય તરફથી પણ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. એમની પાસે ટ્રોફી તો એટલી છે કે કદાચ એમને પણ યાદ નહીં હોય કે કઈ ટ્રોફી ક્યારે મળી હતી! એક રીતે કહીએ તો એ જન્મે મારવાડી, કર્મે ગુજરાતી, **'Mother Teresa Of Gujarat'** છે.

જેતપુરના પોલીસ અધિકારીએ પ્રીતિબહેનને કહ્યું હતું કે એ એમના બહેન છે, કેમ કે એ એમની મદદ કરી રહ્યાં છે. એ જે કાર્ય કરી અને પછાત બાળકોને જ્ઞાન પ્રદાન કરી રહ્યાં છે, સંસ્કાર પ્રદાન કરી રહ્યાં છે તેનાથી એમને ઘણી મદદ મળી રહે છે, કેમ કે આ એ જ બાળકો હોય છે જે ભણતરના અભાવે મોટા થઈ ખૂની, ચોર કે લુટારા બને છે. એક રીતે કહીએ તો પ્રીતિબહેન ના કેવળ આ બાળકો માટે જ કાર્ય કરી રહ્યાં છે. એ ગુજરાત રાજ્યથી શરૂ કરી સંપૂર્ણ ભારત દેશ માટે મહાન કાર્ય કરી રહ્યાં છે. એમણે કહેલું કે એમણે કદી વ્યાવસાયિક ઢબમાં નથી જવું માટે જ એમણે પોતે જે કાર્ય શરૂ કર્યું તેને એક એનજીઓમાં તો તબદીલ કર્યું, પરંતુ આજ સુધી તેની નોંધણી કરાવી નથી! એમનાં આ એનજીઓનું નામ છે 'My India Educare' અર્થાત્ મારાં જ નહીં, સમગ્ર ભારતનાં જ્ઞાનની કાળજી.

એ પહેલા બાળકોને ફક્ત રવિવારે જ મફત ભણાવતા જેને 'Sunday Special Students' તેવું નામ આપેલું હતું. કોન્વેન્ટ સ્કૂલમાં ભણેલાં પ્રીતિબહેન એવું વિચારે છે કે જે એમણે ભણ્યું તે ભણતર બધાંને કેમ ના મળે? પોતે કલકત્તાથી સ્થાયી થયાં હતાં ગુજરાતમાં તો સ્વાભાવિક છે ગુજરાતી ભાષા ના તો એ બોલી શકતાં હોય કે ના તો સમજી શકતાં હોય ત્યારે એ પોતે એક ડાન્સ ટીચર હતાં તે કળા અહીં એમને કામ લાગી. એ એક્શન દ્વારા બાળકોને સમજાવતાં જેથી એમના મતે એમનાં માટે ભાષાનો ક્યારેય પ્રશ્ન સર્જાયો જ નહોતો! એ કહે છે કે એમનાં અને બાળકો વચ્ચે પ્રેમનો સંબંધ હોવાની કદી તકલીફ પડી જ નથી બાદ એ દરરોજ બાળકોને એક કલાક મફત ભણાવવા લાગ્યાં જે હવે ૨૦૦ ફી સાથે શરૂ કર્યું છે. વચ્ચે કોરોના કાળ આવ્યો ત્યારે પણ એમણે આ ચાલુ રાખ્યું હતું. બાળકોને મોબાઈલ દ્વારા ઓનલાઈન જ્ઞાન પ્રદાન કરતાં. એમનાં દરેક કાર્યની શરૂઆત સૌથી પહેલાં પ્રાર્થનાથી થાય છે ઉપરાંત યોગ અને મેડિટેશન પણ બાળકોને શીખવે છે. ના કેવળ આ જ બાબત, એ સુરક્ષાને લઈને પણ સજાગ છે. એમણે પોલીસ અધિકારીની મદદથી દરેક સ્ત્રી અને બાળકી માટે સેલ્ફ ડિફેન્સની તાલીમ ત્રણ મહિના સુધી મફત અપાવી જેથી દરેક મહિલા પોતાને સુરક્ષિત રાખવાની કળા શીખી શકે. આ ઉપરાંત મહિલા દિવસના દિવસે મહિલાઓને શરીરની સ્વચ્છતા વિશે માહિતગાર કરી, સેનેટરી પેડનું પણ વિતરણ કર્યું હતું. એ પોતાનાં કે પરિવારના સભ્યોના જન્મદિવસ કે એનિવર્સરી બધું પરિવાર સાથે તો ઉજવે જ છે ઉપરાંત આ બાળકો સાથે પણ ઉજવે છે. અમદાવાદમાં યોજાયેલ એક કાર્યક્રમમાં એમને સન્માનિત કરવામાં આવ્યાં હતાં જેમાં સંસ્થા તરફથી પ્રકાશિત થયેલ 'સંઘર્ષનું સરનામું' પુસ્તકમાં પ્રીતિબહેનની સ્ટોરી કવર કરવામાં આવી હતી. એ પોતે એક વિદ્યાર્થિની પણ છે. પીએચડીના અભ્યાસ સાથે એ બાળકોને ભણાવી પણ રહ્યાં છે. એમનું એક સ્લોગન છે, **'Give Them The Weapon Called EDUCATION, They Will Definitely Win The War Called POVERTY'**. એ પોતાનાં આ કાર્ય માટે દાન પણ સ્વીકારે છે એમને 9687631111 નંબર પર ફૂલ નહીં, તો ફૂલની પાંખડી ભેટ કરી શકાય છે.

એ માતૃભૂમિને વંદન કરતાં કહે છે કે ગુજરાતની ધરાનાં એ આભારી છે કે આ સેવા કરવાની તક એમને આપી. એ હંમેશા એક જ વાત બોલતાં રહે છે 'આપકી કૃપા સે સબ કામ હો રહા હૈ, કરતે હો તુમ સાંવરિયા ઔર કન્હૈયા, પર નામ મેરા હો રહા હૈ.'

જ્યારે આ રીતે કોઈ નિઃસ્વાર્થ ભાવે સેવા કરે ત્યારે મા સરસ્વતી એમના પર સદા આશિષ વરસાવતાં રહે છે. આજે આવી વ્યક્તિઓની સમાજને અને ના કેવળ ભારત દેશને જ અલબત્ત, વિશ્વના દરેકેદરેક દેશને જરૂર છે જેથી જ્ઞાન, સંસ્કાર અને સંસ્કૃતિનું સિંચન થતાં બાળકો ગુના અને પાપની દુનિયામાં કદમ જ ના રાખે જેથી એ પોતાની અને પોતાનાં દેશની કેવળ પ્રગતિના ભાગીદાર બને, ના કે શરમના.

**નહોતો જે પછાત બાળકોને પણ સમાન શિક્ષણ તથા ભણતરનો અધિકાર,**
**એ પણ કરી શકે છે એમ તેવા બાળકો સમુદ્રને સંપૂર્ણ પાર.**
**સ્વચ્છતા સાથે સર્વધર્મ સમભાવની ભાવના તરફ પ્રેરિત કરી,**
**પ્રીતિબહેન કરી રહ્યાં છે ભાવિ ભારતના, નવા જ યુગનો સંચાર.**